©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 07th AUGUST, 2026/SRAVANA 16, 1948 [No. 6142

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

(નિયમ-૨૬(૧) અને ૨૬(૩))

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (રાજકોટ) (ત્રીજો ફેરફાર)

નં. નરયો નં.૧(રાજકોટ)(ત્રીજો ફેરફાર)/જનરલ/અધિસુચના/૧૭૨૪.–હું, નીચે સહી કરનાર નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ સદરહુ યોજના વિસ્તારનાં તમામ જમીન માલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યકિતઓને આથી જણાવું છું કે, ગુજરાત સરકારશ્રીના તા.૧૪-૦૭-૨૦૨૬ ના અસાધારણ રાજપત્ર ભાગ-૪(બી) ના પાના નં.૨૦૦-૧ ઉપર પ્રસિધ્ધ થયેલ, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૧૪-૦૭-૨૦૨૬ની અધિસુચના ક્રમાંક: જીએચ/વી/૨૦૨૬ નો ૧૪૩/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૬/૩૪૯૬/એલ થી સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૪-૦૭-૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૪૨ ઓફ ૨૦૨૬/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૬/૩૪૯૬/એલ થી મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(રાજકોટ)(ત્રીજો ફેરફાર) ને આખરી કરવા સારૂ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ પ્રવર નગર નિયોજક, રાજકોટ નગર રચના યોજના એકમ, રાજકોટની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે, મેં તા.૦૪-૦૮-૨૦૨૬ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેની કાયદાકીય ફરજો સંભાળી લીધેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(રાજકોટ)(ત્રીજો ફેરફાર)ની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

ઉત્તરે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)નો ૧૨.૦૦ મીટરનો ટી.પી. રોડ આવેલો છે.

દક્ષિણે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)નો અંતિમખંડ નં.૩૭૪ આવેલો છે.

પુર્વે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)ના અંતિમખંડ નં.૪૨૨ અને ૪૨૫ આવેલા છે.

પશ્ચિમે : રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ)નો ૧૮.૦૦ મીટરનો ટી.પી. રોડ આવેલો છે.

ઉપરોક્ત નગર રચના યોજનાની ચર્તુ:સીમા માં રાજકોટ મહાનગરપાલિકાની આખરી નગર રચના યોજના નં.૧(રાજકોટ) ના અંતિમખંડ નં.૪૨૩ અને ૪૨૪ની જમીનનો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ-૨૬(૩) થી ઠરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરું છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ૨૦ (વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિત જણાવવા. ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયેલ કોઈ વ્યકિત સદર અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હક્કદાર છે અને આવી વ્યકિતઓએ તેના દાવાની વિગતો આ અધિસુચના ગુજરાત સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧(રાજકોટ)(ત્રીજો ફેરફાર)ના મુસદ્દાની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ, નમુનાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે. અને જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈપણ વ્યક્તિને નીચે જણાવેલ કચેરીના સરનામે યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા. ૦૪-૦૮-૨૦૨૬
રાજકોટ.

આર. ડી. પરમાર
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ

કચેરીનું સરનામું :
પ્રવર નગર નિયોજકની કચેરી,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
"રૂડા" બિલ્ડીંગ, છઠ્ઠો માળ, શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,
જામનગર રોડ, રાજકોટ -૩૬૦૦૦૧

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.08 12:06:48 IST